# ઈસુનું પુનરુત્થાન

**સજીવન થયેલા ખ્રિસ્તના શરીરમાં આપણું સ્થાન આપણા અનંતજીવનની ખાતરી છે.**

**બાળકોને શીખવનારે સ્ટડી E1b વાંચી જવો.**

**પ્રાર્થના :** આકાશવાસી પિતા, તમે તમારા પુત્ર ઈસુને અમારે માટે મરણ પામવા મોકલ્યો તેમના દ્વારા અને તેમની સમાનતામાં સજીવન થવા દ્વારા તમે અમને નવું જીવન આપ્યું છે માટે અમે તમારો આભાર માનીએ છીએ. તમારા પુત્રને મરણમાંથી પાછો ઉઠાડીને તમે તમારા પુત્રનો અધિકાર અને સામર્થ્ય (મહાન શક્તિ) બતાવ્યા છે તેના પ્રકટીકરણ માટે આ અભ્યાસનો ઉપયોગ કરો.

ઈસ્ટરના અઠવાડીયામાં કેટલાક અઠવાડીયા પહેલાથી પ્રભુ ઈસુના પુનરુત્થાનની ઉજવણીની તૈયારી કરો. પ્રભુ ઈસુના મરણ અને મરણ પર વિજયને લગતા બનાવોનો અભ્યાસ વિશ્વાસીઓને કરવામાં મદદરૂપ થાય તેવું આયોજન કરો.

૧. **તમારા હૃદય અને મનને પ્રાર્થના અને દેવના વચન દ્વારા તૈયાર કરો.**

પ્રભુ ઈસુના પુનરુત્થાન તરફ દોરતા બનાવો.

સુવાર્તાઓમાંથી વાંચો પ્રભુ ઈસુના મૃત્યુ પહેલાના **શનિવારના** વૃતાંત માટે યો. ૧૨ :૧-૧૧...

- લાજરસની બહેન મરિયમ પ્રભુ ઈસુના મરણની તૈયારી માટે શું કર્યું.

ઈસ્ટર પહેલાના **રવિવાર** માટે માત્થી ૨૧ :૧-૧૩...

- પ્રભુ ઈસુએ તેમના વિજયવંત પ્રવેશ વખતે જે ભવિષ્યવાણી પૂરી કરી તે લાંબા સમય પહેલાં ઝખાર્યાહે (ઝખા. ૯) ભવિષ્યવાણી કરી હતી.
- કોને તેણે મંદિરમાંથી કાઢી મૂક્યા.

ઈસ્ટર પહેલાનો **સોમવાર** માટે માર્ક ૧૧ :૧૫-૧૮...

- ધાર્મિક આગેવનો ઈસુને મારી નાખવા ઉશ્કેરાયા તેવું તેણે શું કર્યું ?

માર્ક ૧૧ :૨૭-૩૩... ઈસ્ટર પહેલાનો **મંગળવાર**

- ધાર્મિક આગેવાનોએ ઈસુના અધિકારનો પ્રશ્ન ઉઠાવ્યો તેમણે ઈસુના યોહાન બાપ્તિસ્મા અંગેના પ્રશ્નનો જવાબ આપવાનો ઈન્કાર કર્યો.

ઈસ્ટર પહેલાના **બુધવાર** માટે જૂઓ :

- માર્ક ૧૩ :૧-૧૦ અને ૨૧-૨૭ ઈસુએ તેના છેલ્લા આગમન માટે શું ભવિષ્યવચન કહ્યું.
- માર્ક ૧૩ :૧૦ પ્રભુ ઈસુ મહિમામાં પાછા ફરશે ત્યારે દરેક દેશે શું સાંભળવું પડશે.
- માર્ક ૧૩ :૩૨-૩૭ ઈસુ ક્યારે આવશે તે કોણ જાણે છે.

ઈસ્ટર પહેલાના **ગુરુવાર** માટે માર્ક ૧૪ :૧૨-૭૨...

- પાસ્ખા ભોજન વખતે ઈસુએ જે વિધિ જાહેર કર્યો.
- પ્રમુખ યાજકે ક્રોધમાં વસ્ત્ર કેમ ફાડયા.
- કોણે ઈસુનો નકાર કર્યો અને પાછળથી રડયો.

ઈસ્ટર પહેલાનો **શુક્રવાર** માર્ક ૧૫....

- ક. ૧-૧૧, ઈસુના બદલામાં કોનો છૂટકારો થયો.
- ક. ૧૨-૨૦, સૈનિકોએ કેવી રીતે ઈસુની મશ્કરી કરી.

- ક. ૨૧-૩૯ ઈસુને વધસ્તંભે જડવાની જવાબદારી ઉઠાવનાર સુબેદારે છેવટે તેના વિષે શું કહ્યું.
- ક. ૪૦ -૪૭, તેઓએ ઈસુના શરીરનું શું કર્યું.

યો. ૫ :૨૪-૨૯ માં **જૂઓ**. મરણાથી કોણ પાછા ઉઠશે, પ્રભુના અને પ્રભુ રહિત બંને.

લુક ૨૪ માં અધ્યાયમાં **જૂઓ** :

- અઠવાડિયાના ક્યા દિવસે ઈસુ ઉઠયો (ક.૧)
- ઈસુએ શું કહ્યાનું દૂતે શિષ્યોને યાદ દેવડાવ્યું. (૨-૯)
- સજીવન થયેલા ઈસુએ માર્ગે ચાલતા મુસાફરોને શું સમજાવ્યું જેથી તેમના હૃદયો પ્રફુલ્લિત થયા. (૧૦-૩૫)
- ઈસુએ કેવી રીતે સાબિત કર્યું કે તે કોઈ આત્મા ન હતા (૩૬ -૪૫)
- ઈસુએ શિષ્યોને કઈ વાતના સાક્ષી બનાવાનું કહ્યું (૪૬-૪૮)



પ્રે.કૃ. ૧:૩ માં **જૂઓ** કે સજીવન થયા પછી ઈસુ કેટલા દિવસ તેના શિષ્યોને દેખાયો.

પ્રે.કૃ. ૧:૧-૯ ઈસુની તેના શિષ્યોને અંતિમ પ્રતિજ્ઞા માંથી **શોધો.**

૧ કોરી. અધ્યાય ૧૫માં **જુઓ**.

- જો ઈસુ મરણમાંથી ઉઠયો નથી તો વિશ્વાસીઓને કઈ આશા છે.? (૧૨-૨૦)
- ઈસુને છેલ્લો આદમ કેમ કહ્યો છે ? (ક. ૨૧-૨૬ અને ૪૫ -૫૦)
- આપણું પુનરુત્થાન પામેલું નવું શરીર કેવી રીતે તદ્દન જુદું હશે ? (૨૭-૪૪)

પ્રે.કૃ. ૨ :૨૨-૩૬ માં પચાસમાના દિવસે પિતરે સુવાર્તા પોકારી ત્યારે તેણે ઈસુના પુનરુત્થાનને કેવું મહત્વ આપ્યું.

- દર સાક્ષી આપતી વખતે ઈસુના શિષ્યો તેના પુનરુત્થાનના સત્યને ખૂબ જ મહત્વ આપતા હતા. પ્રે.કૃ. ૩ :૧૨-૨૧; ૪:૧-૩; ૧૩ :૧૫-૪૧; ૧૭:૨-૩; ૨૬ : ૧-૨૩.

**૨. ઈસ્ટર પહેલાના સમયો માટે સાથીદારો સાથે પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

- મિત્રો અને સગાઓની મુલાકાત લઈને ઈસુના આનંદદાયી પુનરુત્થાન અને તેમાં આપણા સહભાગી બનવા વિષેની સમજણ આપો.
- જેમ પાઉલે પ્રે.કૃ. ૨૨:૧-૨૨ માં ખ્રિસ્તના મેળાપથી તેનું આખું જીવન બદલાઈ ગયુ તેવી સાક્ષી આપી તેવી વિશ્વાસીઓને પણ સાક્ષી આપવામાં સહાય કરો.

ઈસ્ટરના રવિવારની ખાસ ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.

**૩. ચાલુ જરૂરિયાતો અને રસમ અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.**

બાળકોએ તૈયાર કરેલા ગીત, નાટક અને પ્રશ્નો તેમને રજુ કરવા દો.

પ્રભુ ઈસુ ના પુનરુત્થાનને સાંકળતા બનાવો ભાગ ૧ માંથી સમજાવો લુક ૨૪ (ભાગ ૧) માંથી પુનરુત્થાન વિષે કહો કે ભજવી બતાવો. ઈસુનું પુનરુત્થાન શા માટે અતિશય મહત્વનું છે તે સમજાવો.

- આપણું અનંતજીવન દેવ એક ઐતિહાસિક સત્ય ઉપર મૂકે છે. ઈસુ મરી ગએલામાંથી પાછોઉ છયો અને

પસ્તાવો કરનાર પાપીઓ તેના શરીરના ભાગ તરીકે એ જ રીતે પુનરુત્થાન માપશે. એફે. ૨ :૪-૬; ૧ કો.

- ઈસુનું પુનરુત્થાન તેના મૃત્યુની માફક તેના તારણદાયી કાર્યનો ભાગ હતુ. તેનું રક્ત માફી ઉપજાવે છે. તેનું પુનરુત્થાન અને આપણું તેમાં ભાગિયાપણું આપણે માટે અનંતજીવનની ખાતરી ઉપજાવે છે. ૧ કો. ૧૫ :૧૭-૨૬.
- મૃત્યુ પથછી આપમએ ભૂત નહીં નનીએ અને ફરી પુનઃજન્મ નહિ પામીએ પરંતુ અનંતજીવનને સારુ આપણે પુનરુત્થાન પામીને ઈસુને મુખાનુમુખ જોવા માટે તેની મહિમાવાન હાજરીમાં સદા રહીશું. પ્ર.કૃ. ૨૨:૩-૫ અને ૧ યો. ૩ :૨.

૧ કો. ૧૫ના મહાન સત્યો **સમજાવો.** (ભાગ ૧)

યો. ૧૧ :૨૫ **મુખપાઠ કરો.**

**પ્રભુની મેજ**ની સેવામાં સમજાવો કે આપણે રોટલી ભાંગીએ છીએ ત્યારે પુનરુત્થાન પામેલો ખ્રિસ્ત હાજર છે.

બે કે ત્રણના **જૂથ બનાવીને** એકબીજાને ઉત્તેજન આપો, યોજનાઓ બનાવો અને એકબીજા માટે પ્રાર્થના કરો.

Copyright © 2004 by Paul- Timothy. May be freely copied.
Download from www. Paul-Timonthy.net